# વિનિયોગ સમાચાર

મહા સુદ ૨ વિ.સં.૨૦૭૦-તા.૦૧-૦૨-૨૦૧૪ - વર્ષ ૧૨ : અંક: ૩ - વાર્ષિક લવાજમ રૂ.૧૦૧/-, છૂટક નકલ રૂ.૪.૫૦/-

## લગ્ન સંસ્કાર

(ગતાંકથી ચાલુ)

લગ્નપ્રસંગે ઘરચોળું તથા બીજાં કપડાં શીવડાવવાં પડે. મુહૂર્ત મંગળ વખતે વાજિંત્રો વગાડવાં પડે. સોના-રૂપાના દાગીના ઘડાવાય. ચૂડા-ચૂડલીઓ જોઈએ. મીઠાઈ બનાવવી પડે. કપડાં ઉપર ભાતો છપાવાય. જમણમાં શાક વગેરે જોઈએ. પૂજામાં તથા શોભા માટે ફૂલો જોઈએ. આંબાનાં પાંદડાંનાં તોરણ મંગળ માટે બાંધવાં પડે. કસુંબલ વસ્ત્રો જોઈએ. સૂતરની વરમાળા કાંતનાર વિના ક્યાંથી મળે? વરઘોડામાં ઘોડો-વાજાં-હસાવનારા ભાંડ-ભવૈયા-ભેરી ભૂંગળ વગાડનારા વિના મજા ન આવે.

મંડપની શોભા કરવા કારીગર જોઈએ. લગ્નવિધિમાં બ્રાહ્મણ વિના ચાલે જ નહીં. વેપારીઓ પાસેથી અનેક ચીજો ખરીદવી પડે. ઘરમાં પૈસા રખાય નહીં. તે શાહુકારોને ત્યાંથી આવે. જાન જોડવા ગામના ખેડૂતો ગાડાં લઈને આવે.

બળદોને શણગારાય. ચોકીપહેરામાં ઠાકોરો, ગરાસિયા, દરબારો રોકાયા હોય ગરીબોને પણ પોષણ મળે. કોઈક જ દિવસે ગળ્યું મોઢું થતું હોય કે ન પણ થતું હોય તેનાં પણ ગળ્યાં મોઢાં થાય.

આજે મેળાવડા, સમ્મેલનો, પરિષદો, ઉદ્‌ઘાટનો, ક્રિકેટ મૅચ, નાટક, સિનેમા, ટેલિવિઝન, રેડિયો, ટૂર, નાચ વગેરે ગોઠવાય છે અને તેમાં અઢળક ધન ખર્ચાય છે. તે ધન મોટે ભાગે વિદેશ જતું હોય છે ત્યારે ઉપર જણાવેલી બાબતોમાં ખર્ચાયેલા ધનમાં એક પાઈ પણ વિદેશ જવાનો અવકાશ રહેતો નથી.

ટી પાર્ટી, ઇવનિંગ પાર્ટી, ગાર્ડન પાર્ટી, અલ્પાહાર વગેરે ખર્ચા વિના થતા હશે કે શું? સોંઘા કાળમાં જમણની એક થાળીનો ખર્ચ ચાર આના કે વધુમાં વધુ આઠ આના થાય જ્યારે પરદેશી ઢબની ટી પાર્ટી વગેરેમાં વ્યક્તિ દીઠ ચારથી પાંચ રૂપિયાનો ખર્ચ થાય. કેટલું ધન વિદેશ ચાલ્યું જતું હશે!

લગ્નની શોભા વધારવામાં દરેકનો સાથ હોય, દરેકના શુભ આશીર્વાદ મળતા હોય, દરેકના સ્નેહનો, પ્રેમનો, હેતના ઉમળકાનો પ્રવાહ દંપતી કેન્દ્ર તરફ વહેતો હોય છે. મા-બાપ, ભાઈ, ભોજાઈ, બહેન, બનેવી, ફઈબા, ફૂઆ, મામા, મામી, માસા, માસી, કાકા, કાકી, દાદા, દાદી, વિદ્યાગુરુ વગેરે તરફથી આશીર્વાદ મળતા હોય છે. ઉપરાંત દરેક તરફથી કંઈ ને કંઈ મળવાનું હોય છે અને દરેકનો કંઈ ને કંઈ રીતે સત્કાર કરવાનો હોય છે. આ માટે એકાદ લગ્નમાં દરેક ઘટનાનો બારીકાઈથી અભ્યાસ કરવાથી ઘણું ઘણું જાણવા મળે તેમ હોય છે. વર- કન્યા કેટલાં બધાં ભાગ્યશાળી હોય છે! સૌ તરફથી પ્રેમ - હેત આશીર્વાદના ધોધ વહેતા હોય છે. ભારતમાં જન્મી ભારતનાં વર-કન્યા થવાનું પણ પુણ્યના ઉદયથી મળે.

લગ્નપ્રસંગ રસમય, ઉલ્લાસમય, ઉત્સવમય, આનંદમય બની જતો હોય છે. મહેનત - મજૂરીના ધંધા તથા ઘરકામો વગેરેમાં દિન- રાત રચ્યાપચ્યા રહેલાં ગામડાંના લોકોને ધાર્મિક પર્વો અને લગ્નાદિક પ્રસંગો સદા ઉલ્લાસમાં રાખનારાં હોય છે. જીવનમાં એ પ્રસંગો એવા વણાયેલા છે કે તેને માટે રજાઓ પાડવી ન પડે. અનાયાસે જ રજા રૂપ બની જાય. દિવસો, મહિના, વર્ષો અને જિંદગી ઉલ્લાસમાં જાય.

લગ્નપ્રસંગે થતા ખર્ચનો બોજો પ્રજાને જરા પણ લાગતો નહીં. આનંદ, ઉલ્લાસ, સ્નેહ, પ્રેમ જીવનનાં રહસ્યોનો ખ્યાલ વગેરેથી ખર્ચનો બદલો વધારે સારી રીતે મળી જતો હતો. અલબત્ત તેમાં નાનામોટા દોષો પણ અનિવાર્ય રીતે કદાચ ઘૂસી આવતા હોય. વિશાળ પ્રજામાં તે સંભવિત હોય, પરંતુ એકંદર શું? એકંદર માનવજીવનમાં સુતત્ત્વોનો જ સુમેળ.

છતાં આવા ઉત્તમ ફૂલગૂંથણી રૂપ જીવનને પ્રચારથી, શિક્ષણથી તથા કાયદાથી નષ્ટ કરવાના પ્રયાસ થાય તે કેટલી રીતે વિઘાતક અને પ્રત્યાઘાતી બની શકે તે ભારતની પ્રજાના હિતેચ્છુ અને સહૃદયોએ વિચારવા જેવું છે. તેમાંની નાની પણ કોઈ બાબત નષ્ટ થાય તે માટે બે આંસુ પાડવા જેવું છે. બીજું તો શું થાય? પરદેશીઓનું નવરચનાને નામે ચારેય તરફથી હજારો બાબતોમાં એટલે બધું ન સમજાય તે રીતનું આક્રમણ છે કે આપણાથી બીજું કંઈ બની શકે તેમ નથી. કેમ કે એક કે બે ટંક ખાવાનું પણ તેઓની મહેરબાનીથી મળે છે.

અનિષ્ટને કાઢવા અને ઈષ્ટને લાવવા કાયદાનું વલણ હોવું જોઈએ ત્યારે આજે વિપરીત પ્રક્રિયા જણાશે. અનિષ્ટ નષ્ટ કરવાના બહાનાથી આખી રચના જ ઉડાડવાના પ્રયાસ શરૂ થઈ ચૂક્યા છે. મેલાં કપડાં ધોવાનાં હોય, પણ કપડું એવું ન ધોવાય કે તે તદ્દન ફાટી જ જાય.

ચાર પુરુષાર્થની સંસ્કૃતિ પ્રમાણે સુધારો કરવાને બદલે વિદેશીય આદર્શો પ્રમાણે સુધારો કરવાથી ક્રમે ક્રમે આખી વસ્તુ જ નષ્ટ થવા સુધી પહોંચાડી દેવાય છે. રીત રિવાજો ખરાબ છે માટે ફેંકી દેવરાવાતા નથી,

પરંતુ વિદેશીય સ્વાર્થની નવરચના પ્રજાના જીવનમાં ઉતારવામાં તે આડા આવે છે, માટે તેને નષ્ટ કરવાનો કાર્યક્રમ છે.

પ્રસંગે પ્રસંગે બાઈઓ ઊછળી ઊછળીને લગ્નગીતો ગાય. હલકથી ગવાતાં ગીતો વાતાવરણને ભરી દે, જાગૃત કરી દે, દરેક પ્રસંગને દીપ્તિમાન કરી દે. તેમાંય ગરાસણી, કાઠિયાણી તથા ખવાસણ બાઈઓ વગેરે જ્યારે ઊંચે રાગે હલકથી ગાય ત્યારે તો તમામ ભુલાવી દે. યુવાન સ્ત્રીઓ, છાતીનું બળ, બાળપણના બ્રહ્મચર્યથી સ્વરવાહિનીઓની જોરદાર પકડ, ગાવાની હલક, સ્પર્ધા, ઉલ્લાસ વગેરેનો મેળ મળવાથી તેની મનમોહકતા કેટલાય ગણી વધી જાય.

'લાડકડી ચડી કમાડ સુંદર વરને નીરખવા.'

વરને નીરખવાની કન્યાની ઉત્સુકતાની સુંદર વ્યંજના એ લીટીમાં ભરી છે.

તેવી જ રીતે કન્યાને વિદાય આપતી વખતનું ગીત કન્યાના વિયોગનું જે વાતાવરણ જન્માવે છે તેનાથી ગમે તેની આંખ આંસુઓથી છલકાયા વિના રહેતી નથી.

જૂનાં ગીતોની વ્યંજનાઓ એટલા બધા ઊંચા પ્રકારની હોય છે કે તેનું વર્ણન કરવા જતાં સાહિત્યનો એક ગ્રંથ થાય તેમ છે. એક એક ગીત, તેની એક એક કડી, તેમાંની જુદી જુદી વ્યંજનાઓ ઉપર વિવેચનનાં પાનાંના પાના ભરાય તેમ હોય છે.

તેની શબ્દરચના, રચનાનો સુદૃઢ બંધ, તેમાં ઊઠતી વ્યંજનાઓ, સંગીત, રાગ, રાગણી, ઢાળ, તેમાં ગૂંથાયેલા ભાવો, વ્યવહારો, પ્રસંગોચિત ચિતાર, વિભાવ, અનુભાવ, સ્થાયી ભાવ, વ્યભિચારી ભાવો, તેથી થતી અસર, તેથી થતા બોધ વગેરેનું વિવેચન મોટા ગ્રંથોનો અવકાશ માગી લે છે.

હાલનાં ગીતો ટાયલાવેડાં જેવાં હોય છે. તેમાં કોઈ રસ કે માધુર્યનું ઠેકાણું જ હોતું નથી છતાં નવા છે માટે દુરાગ્રહ રખાઈને ગવાય છે. વળી, ઊછરતી કન્યાઓ નિશાળની દીવાલોમાં ઘણાં વર્ષો સુધી ગોંધાઈ રહેતી હોવાથી પ્રથમનાં ગીતો શીખવાનો તેમને પ્રસંગ જ મળતો નથી. તેની ખૂબીથી તેઓ સર્વથા અજાણ હોય છે.

ફટાણાં હાસ્યરસની છોળો ઉછાળતાં હોય છે અને તેમાં તિરસ્કાર – નિંદાની વ્યંજનાઓ આવે પણ તે વિના હાસ્યરસ શી રીતે જામે? હાસ્યરસના લેખકો શું બધુ અદ્‌ભુત વર્ણન જ કરતા હોય છે? નહીં જ છતાં ફટાણાંની નિંદા ભણેલા વકીલો વગેરેના કરવાથી બીજા લોકો પણ કરતા હોય છે. તે ખરાબ છે માટે બંધ કરાવાતાં નથી, પરંતુ ભારતીય બાબતો જ બંધ કરાવવાનું લક્ષ્ય છે, તેથી તેના ઉપર ફટકો પડે છે.

ગાનાર બાઈઓનો ખારેક, સાકરના પડા, પૈસા કે એવી વસ્તુઓ દ્વારા સત્કાર થતો હોય છે. વચ્ચે વચ્ચે હસાહસ, નૃત્ય, તાલ, સંગીત વગેરેથી સ્ત્રીના હૃદયને અપૂર્વ ઉલ્લાસ મળતો હોય છે.

આજે બધું શુષ્ક બનતું જાય છે. ગ્રામ્ય પંચાયતો, પંચાયતરાજ વગેરે હવે પછી કાયદાના અમલથી કુરૂઢિ, કુરિવાજ, જુનવાણી, અપ્રાગતિક, ખર્ચાળ, રાષ્ટ્રીય દુર્વ્યય વગેરે દલીલો આગળ કરીને તે સર્વને પણ ગામડાંમાંથી નિર્મૂળ કરવા લાગશે ત્યારે તેને કોણ રોકી શકશે? કેમ કે ઉપરથી તેઓને એ જાતના આદેશો હશે તથા બિનઅનુભવી યુવક-યુવતીઓ તેને ટેકો પણ આપશે.

(સમાપ્ત)

સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

(સાભાર : હિતમિત, તા.૧૧-૨-૭૫, ૧૧-૩-૭૫)

## પં. પ્રભુદાસ બેચરદાસ પારેખના લેખોમાંથી તારવેલ સોનેરી વાક્ય

### ધર્મ શબ્દની સાચી અને અવિસંવાદિ વ્યાખ્યા

ધર્મ શબ્દની સાચી, અવિસંવાદી, સર્વ ધર્મ માન્ય એવી વ્યાખ્યા છે કે, જેની સાથે કોઈપણ ધર્મવાળાનો વિરોધ આવી શકતો નથી, તે વ્યાખ્યા એ છે કે,

''માનવના આત્મવિકાસમાં મદદગાર થાય તેવી કોઈપણ સમજ, અને તેવું મન વચન કાયાનું શુદ્ધ આચરણ, જેથી માનવ અજ્ઞાન, કામ, ક્રોધ, સ્વાર્થ, અનીતિ વગેરે દુષ્ટભાવોથી છૂટો થતો થતો મોક્ષ પામતો પામતો અંતિમ મોક્ષ પ્રાપ્ત કરી પોતાના આત્માને તદ્દન વિશુદ્ધ જ્ઞાનમય, પરમાત્મમય, પરમાત્મભાવમાં લીન બનાવી શકે.''

આત્માની કનિષ્ઠ અને શ્રેષ્ઠ એવી બે અવસ્થા સર્વને સ્વીકાર્ય છે અને કનિષ્ઠપણામાંથી શ્રેષ્ઠપણામાં જવા વિષે કોઈનોયે મતભેદ નથી. કનિષ્ઠપણામાંથી નીકળી શ્રેષ્ઠપણામાં જવું તેનું નામ ધર્મ. તેને અનુસરીને જુદા જુદા દેશકાળમાં થયેલા સંતો અને મહાપુરુષોએ તે તે સ્થળના લોકો અને તેઓની લાયકાત જોઈ સ્થાનિક સંજોગો અનુસાર જે જે વ્યવહારુ આજ્ઞાઓ કરી હોય, તે તે ધર્મ કે સંપ્રદાયનો આજ્ઞા ધર્મ. આમ ધર્મનું પારમાર્થિક અને વ્યવહારુ આ સ્વરૂપ અને વ્યાખ્યા સદાયકાળના છે અને રહેવાના.

('ચીકાગોની વિશ્વ ધર્મ પરિષદનું સાચું ધ્યેય શું છે?' એ મથાળાના પ્રભુદાસ બેચરદાસ પારેખના લેખમાંથી)

# વિનિયોગ સમાચાર

## नमो महते धर्माय

જેમ પ્રજા રાજ્યે કરેલા કાયદાઓ સ્વીકારવા બંધાયેલી છે, તેમ પ્રજા ધર્મતંત્રે કરેલા કાયદાઓ સ્વીકારવા પણ બંધાયેલી છે. અને તેમાં પણ સાંસ્કૃતિક વ્યવસ્થામાં રાજ્યતંત્રનું સ્થાન ધર્મના સેવક તરીકે નક્કી કરવામાં આવ્યું છે, તેથી પ્રજાની પ્રથમ ફરજ ધર્મતંત્રના કાયદાના સ્વીકારની છે, અને રાજ્યતંત્રે તેમાં સહાયક બનવું જોઈએ, બાધક ન બની શકે.

રાજ્યતંત્રને કરેલા કયા ક્ષેત્રના કાયદાઓના સ્વીકારનું બંધન છે તે પણ ધર્મતંત્રે સ્પષ્ટ કરેલું છે.

૧. સાંસ્કૃતિક રાજ્યતંત્ર માટે ધર્મતંત્રે જે ક્ષેત્રો માટે રાજ્યને કાયદા કરવાનો અધિકાર આપ્યો છે, તે મર્યાદાનું ઉલ્લંઘન કરીને અન્ય ક્ષેત્ર માટે રાજ્ય કાયદા ન કરી શકે. કરે, તો તે અન્યાય છે.

૨. જે પાંચ ક્ષેત્રો માટે કાયદા કરવાના રાજ્યના અધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તે કાયદા પણ ન્યાય આધારિત હોવા જોઈએ. દા.ત. દુષ્ટ બળોને દંડ દેવા માટે રાજ્ય જે કાયદા કરે તે કાયદાઓનો પ્રજાએ સ્વીકાર કરવો જોઈએ, પણ રાજ્યતંત્ર સજ્જનોને દંડ આપનારા કાયદા કરે, તો તે અસ્વીકાર્ય બની જાય છે. ન્યાયથી કોષની વૃધ્ધિ કરવા માટે રાજ્ય પ્રજા પાસેથી કર વસુલ કરે તો તે કર પ્રજાએ હોંશથી આપવો જોઈએ. ધર્મતંત્રે પ્રજા ઉપર કેટલો કર નાખી શકાય તેની મર્યાદા બાંધી આપી છે. તે મર્યાદાનું ઉલ્લંઘન કરી રાજ્યતંત્ર પ્રજા પાસેથી કર ઉઘરાવે તો તે કર અન્યાયી કર ઠરી જાય છે, અને તેથી પ્રજા અન્યાયમૂલક કર આપવા બંધાયેલી રહેતી નથી.

સાંસ્કૃતિક વ્યવસ્થામાં ઉપર પ્રમાણે રાજ્યતંત્રની વ્યવસ્થા નક્કી થયેલી છે. અને ભારતના નિ:સ્વાર્થી સંતોએ પ્રજાના હિત માટે આ નિયમબધ્ધ વ્યવસ્થા કરી આપી છે.

સાંસ્કૃતિક રાજ્યતંત્રની આ વ્યવસ્થાના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન રાજ્યતંત્રની વિચારણા કરીએ તો બન્નેમાં આકાશ પાતાળના અંતર જેટલી વિસંગતિઓ જોવા મળે છે.

૧. ભારતનું નવું બંધારણ બ્રિટિશ અમલદારોએ ઘડેલું છે.

૨. એ બંધારણમાં રાજ્યનો સ્વીકાર ધર્મના સેવક તરીકે નથી થયો, પણ પ્રજાના સર્વ અંગો ઉપર રાજ્યની સત્તા સ્થાપનારા સાર્વભૌમ તંત્ર તરીકે થયો છે.

૩. સાંસ્કૃતિક રાજ્યતંત્રનો અંચળો ઓઢીને આ નવું તંત્ર 'સાર્વભૌમ' તરીકે વર્તે છે, અને કાયદાઓ કરે છે. તેથી આવા તંત્રને જુલ્મી રાજ્યતંત્ર તરીકે જ ઓળખવું પડે છે.

૪. આ નવું તંત્ર પ્રજાના હિતોની રક્ષા કરવાનો દેખાવ કરે છે, પણ વાસ્તવમાં તે સમગ્ર પ્રજાના હિતોને ડૂબાડનારું જુલ્મી તંત્ર છે.

૫. આ બંધારણનો આધાર ભારતના ઋષિમુનિઓએ સર્જેલાં ધર્મશાસ્ત્રો નથી, પણ સન ૧૪૯૩માં વેટિકનના તંત્રે જે બુલ જાહેર કર્યું છે તેના આધારે ઘડાયેલું છે. એ બુલ સ્વયં વિશ્વન્યાયનો ભંગ કરનારૂં અન્યાયી બુલ છે. તેથી તેના આધારે થયેલી તમામ રચનાઓ અન્યાય સર્જિત છે.

૬. આ નવા બંધારણનો સ્વીકાર પ્રજાએ હોંશથી કર્યો નથી, પરંતુ અંગ્રેજી ભણેલા મુઠ્ઠીભર દેશી માણસોને આગળ કરીને પ્રજા ઉપર ઠોકી બેસાડવામાં આવ્યું છે.

ભારતના મહાસંતો આદિ મહાપુરુષોએ ઘડેલા બંધારણમાં અને બ્રિટિશ અમલદારોએ ઘડેલા આંખે ઉડીને વળગે તેવી પાયાની વિસંગતિઓ છે. બીજી કેટલીય વિસંગતિઓનો ઉલ્લેખ કરવાનું લંબાણભયે અહીં ટાળ્યું છે.

તમામ બાબતોમાં સ્વદેશીનો આગ્રહ રાખનાર તંત્ર પરદેશી તંત્રો આધારિત સિધ્ધાંતો, વ્યાખ્યાઓ, કાયદાઓ શા માટે સ્વીકારે? બંધારણ પરદેશથી આયાત કરેલું, તેના આધારે રચાયેલા કાયદાઓમાં પરદેશી વ્યાખ્યાઓનો, સિધ્ધાંતોનો સ્વીકાર! ભારતની પ્રજાનું હિત ભારતના બંધારણ વિગેરેથી કરવાનું છે? કે પરદેશી બંધારણ આદિના આધારે? તેનાથી પ્રજાનું હિત કઈ રીતે થઈ શકે? થઈ શકે?

એક એક દ્દષ્ટાંત આપીને ઉપર જણાવેલી તમામ બાબતો સાબિત કરી શકાય તેમ છે. પાનાં ને પાનાં ભરાય તેટલો વિસ્તાર થઈ શકે તેમ છે.

ભારતમાં થયેલા કે થનારા કોઈપણ કાયદાનું પરીક્ષણ ઉપરના પરિપ્રેક્ષ્યમાં કરવું જોઈએ. તો જ પ્રજાના હિતોની રક્ષા કરવાની સાચી દિશા મળી શકશે, અને તે રીતે તેની રજૂઆત થઈ શકશે. સુપ્રીમ કોર્ટના એક ચુકાદાની ચર્ચામાં આવી રીતે રજૂઆત થઈ શકે તેનો ઇશારો છે.

ઓસ્ટ્રેલિયા આદિ દેશોમાં જે બન્યું તે ભારતમાં નહીં જ બને તેની ખાત્રી કોઈ આપી શકે તેમ નથી, શિવાય ભવિતવ્યતા. બાકી તો, ''આવું કાંઈ ભારતમાં બનતું હશે?'' એવી ભ્રામક માન્યતામાં, છેલ્લા ૬૦ વર્ષો લગભગથી 'આવું ભારતમાં પણ બની શકે' એવી ચેતવણીઓ અપાવા છતાં, તે ચેતવણીઓને કાલ્પનિક ભય રૂપ માની, હાસ્યાસ્પદ માની, દીર્ઘ સૂત્રાત્મક માની, ખંડનાત્મક સ્વરૂપની માની, તેની ઉપેક્ષા થતી રહી છે. પરિણામે એ ચેતવણીઓ આજે સ્પષ્ટ રૂપમાં બહાર આવી છે. હજુ પણ એ ચેતવણીઓની અવગણના કરી, તેને ટાળવાના પ્રચંડ પુરુષાર્થમાં સમગ્ર પ્રજા પોતાના મન – વચન – કાયાને નહીં રોકે, જેની આગેવાની પ્રજાના ધર્મગુરુ વર્ગે ફરજ તરીકે સ્વીકારવી જ પડે, તો દેશમાં મકાનને લાગેલી આગને આપણા મકાન સુધી પહોંચતી અટકાવી શકાશે. શિવાય હવે વધુ વાર નહીં લાગે. આગ દાવાનળના રૂપમાં ફેરવાઈ જઈ વધુ ઝડપી અને તીવ્ર બની છે. ભારતમાં પણ આવું બની શકે છે તેવું અનુમાન થઈ શકે તેવા સચોટ અનેક કારણો પ્રત્યક્ષ છે. આવું નહીં જ બને તેવો આશાવાદ સેવવા માટે કયા મજબુત કારણો છે? કાલ્પનિક આશાવાદ એ સચોટ કારણ નથી.

જો કે પ્રત્યક્ષ રૂપે નહીં, પણ પરોક્ષ રૂપમાં આજે ભારતની પ્રજા ઉપર જુલ્મની ઝડીઓ વરસી જ રહી છે, જે થોડા જ વર્ષોમાં વરસનારા પ્રત્યક્ષ જુલ્મની ઝડીઓ રૂપ ભૂમિકાનું સર્જન કરી રહી છે. આ વાતની સાબિતીના ઘણા પુરાવાઓ મળી શકે તેમ છે. પરંતુ આપણે કારણમાં કાર્ય જોવાની દીર્ઘદૃષ્ટિ ખોઈ બેઠા છીએ.

– અરવિંદભાઈ પારેખ

# વિનિયોગ સમાચાર

## ધાર્મિકતાને આધારે
# માઇનોરિટી બંધારણની વિરુદ્ધ

### લઘુમતી કોમોમાં ઉત્તમ વિજ્ઞાનીઓ, ટેક્નિશિયનો, શિક્ષકો છે જ, પરંતુ તેઓ માત્ર કોઈ ધર્મના અનુયાયી નથી

બંધારણ ૨૬ જાન્યુઆરીના દિવસથી અમલમાં આવ્યું, પરંતુ હાલના બંધારણની અપૂર્ણતા વિશે વારંવાર ચર્ચા થવા છતાં તેમાં કોઈ સુધારો થઈ શકતો નથી, કારણકે તે માટે બે તૃતીયાંશ બહુમતી જોઈએ કે જે હાલમાં કોઈ જ રાજકીય પક્ષ પાસે નથી. બંધારણ જે વખતે અમલી બન્યું તે વખતની આર્થિક, રાજકીય, સામાજિક અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ તદ્દન અલગ હતી. આજે ચિત્ર જુદું છે.

ભારતના બંધારણને વારંવાર દુહાઈ દેવામાં આવે છે, પરંતુ બંધારણની ઘણી જોગવાઈ અડચણરૂપ છે, અનેક વિઘ્ન ઊભાં કરનારી છે. આવી અનેક બાબતો ઊંડી અને વિશદ છણાવટને પાત્ર છે. એક જ દૃષ્ટાંત જોઈએ કે તેમાં સાંસદો અને પ્રધાનોની કોઈ જ વ્યક્તિગત જવાબદારી નક્કી થઈ શકતી નથી. એક પ્રધાન ખોટો નિર્ણય કરે અથવા ખોટી નીતિ અમલી બનાવે તો તેને સજા કરવાની કોઈ જોગવાઈ તેમાં નથી.

આ એક જ દૃષ્ટાંત છે, પરંતુ આવી તો અનેક બાબત છે, પરંતુ હવે ભયસ્થાન બીજાં છે. બંધારણ સમાજમાં ભાગલા પડાવવામાં નિમિત્ત બને છે. બંધારણના અનુચ્છેદ ૨૯, ૩૦ અને ૩૫૦ (એ+બી)માં જે જોગવાઈ છે તેનો સ્પષ્ટ ભંગ થઈ રહ્યો છે. ધર્મ આધારિત અલ્પસંખ્યક એવું ખોટું અર્થઘટન કરીને રાજકીય પક્ષો પોતાના સ્વાર્થ માટે કેટલીક કોમનો હાથા તરીકે ઉપયોગ કરી રહ્યા છે.

આર્ટિકલ (અનુચ્છેદ-૨૯) અનુસાર લઘુમતીના હિતનું રક્ષણ એ હેઠળ આ પ્રમાણે જણાવાયું છે. ''Any Section of citizens residing in the territory of India or any part thereof having a distinct Language, Script or Culture of it's own shall have the right to conserve the same.''

આ જોગવાઈમાં ક્યાંય મુસ્લિમ કે ખ્રિસ્તી માટેની અનામતની કોઈ જોગવાઈ કે ઉલ્લેખ નથી.

તેવી જ રીતે બંધારણના આર્ટિકલ ૧૫(૧) હેઠળ જણાવાયું છે કે ''The state shall not discriminate against any citizen on grounds only of religion, race, caste, sex, place of birth or any of them''.

જો આ જોગવાઈ સમજવામાં આવે તો ધર્મ, જાતિ, જ્ઞાતિ કે જન્મસ્થળના આધારે બે નાગરિક વચ્ચે ભેદભાવ કરવાનો પ્રતિબંધ સ્પષ્ટ રીતે તેમાં છે.

તેમ છતાં નેશનલ કમિશન ફૉર માઇનોરિટીઝ ઍક્ટ, ૧૯૯૨ હેઠળ ''માઇનોરિટી'' - અલ્પંખ્યક શબ્દનો પ્રયોગ કરીને મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બુદ્ધ અને પારસી એમ લઘુમતી કોમ જાહેર કરવામાં આવી છે. મુસ્લિમોને પણ હિન્દુઓથી અંતર રાખવાનું સૂચવનાર આવા કાયદા છે. બાકી, ગ્રામીણ વિસ્તારમાં હિન્દુ-મુસ્લિમો એકબીજા સાથે હળીભળીને રહેતા હતા - તહેવારો અને પ્રસંગો પણ સાથે જ ઊજવતા હતા. એકબીજાનો આદર કરતા હતા.

અલ્પસંખ્યકને લગતી કોઈ જ વ્યાખ્યા બંધારણ કે માઇનોરિટીઝ ઍક્ટ, ૧૯૯૨માં નથી. વળી, ધાર્મિક અલ્પસંખ્ય તે મુદ્દો તો બંધારણની જ વિરુદ્ધ છે રાજ્યો અને કેન્દ્ર સરકારે ધાર્મિકતાના ધોરણે અલ્પસંખ્યકને માટે અનામત જગ્યા ઊભી કરી છે તે બંધારણની વિરુદ્ધની વાત છે. આ માટેનો પત્ર 'હિન્દુ વૉઇસ' ના તંત્રી શ્રી પી. દીવામુથુ દ્વારા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને લખવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારે તો અલ્પસંખ્યક મંત્રાલય ઊભું કર્યું છે. નવી દિલ્હીના રેલવેસ્ટેશન પર હજ પર જવા માગતા મુસાફરો માટે ટિકિટ બુકિંગનું અલગ કાઉન્ટર છે. કાલે સવારે અન્ય કોઈ કોમ કે જ્ઞાતિ આવી સુવિધા માગશે તે વખતે શું થશે? ક્યાં સુધી નમતું મૂકવામાં આવશે? વળી, જેમને અલ્પસંખ્યક તરીકેનો લાભ મળ્યો છે તેમની આર્થિક-સામાજિક પરિસ્થિતિ કેવી છે?

૧૯૫૦માં મુસ્લિમો વી. ટી. સ્ટેશન બહાર ઘોડાગાડી ચલાવતા હતા - આજે હવે તેઓ ટૅક્સી ચલાવે છે!! આટલી પ્રગતિ થઈ છે! તેવી જ રીતે પછાત વર્ગ અને અન્ય પછાત વર્ગના લોકોમાં એક ''ક્રીમી લેયર''. એટલે કે ''ઉપર તરી આવેલ વર્ગ'' ઊભો થયો છે! આ વર્ગને અનામત પ્રથાનો સારો એવો લાભ મળ્યો છે અને તેઓ ખમતીધર બન્યા છે, પરંતુ આવું દરેકને ભાગે આવ્યું નથી.

માત્ર અનામત પ્રથા હોય તો જ કોઈ કોમ કે જ્ઞાતિ આગળ આવે તેવું નથી, જેમનામાં આવડત, કુનેહ, જ્ઞાન અને જુસ્સો છે - કંઈક કરી બતાવવું છે તેઓ અનેક અવરોધ છતાં આગળ આવે છે. સ્વ. નાની પાલખીવાલા કે જેઓ બંધારણના પ્રખર અભ્યાસી અને નામાંકિત કાયદાશાસ્ત્રી હતા, તેમણે સુપ્રીમ કોર્ટમાં મંડલ પંચની અનામત પ્રથા વિરુદ્ધ દલીલો કરતી વખતે એક દૃષ્ટાંત રજૂ કર્યું હતું.

સ્વ. પાલખીવાલા ૧૯૪૨માં મુંબઈની ભાઈશંકર, કાંગા ઍન્ડ ગીરધરલાલ સૉલિસિટર્સની ફર્મમાં આર્ટિકલશિપ કરતા હતા. તેમને કોઈ મહત્ત્વના કારણથી એક વખત સહી લેવા ભાઈશંકરભાઈ સૉલિસિટર્સને ઘેર જવાનું બન્યું. તેઓએ જોયું કે આટલા મોટા સૉલિસિટર ચટાઈ

પર સૂતા હતા. તેમણે આ દૃષ્ટાંત રજૂ કરીને જણાવ્યું કે ૧૯૫૦ સુધી એવા ઉચ્ચ કક્ષાની બૌદ્ધિક પ્રતિભા ધરાવતા ગુજરાત અને મહારાષ્ટ્રના બ્રાહ્મણો કોઈ જ અનામત પ્રથાનો ટેકો લીધા વગર અતિ મહત્ત્વનાં સ્થાનો સુધી પહોંચ્યા હતા.

એક તરફથી બંધારણની પ્રસ્તાવના - આમુખમાં નાગરિકોને સમાનતા, દરેક પ્રકારની જેમાં આર્થિક, સામાજિક, રાજકીય અને તક પૂરી પાડવા કહેવામાં આવે છે તો તે જ બંધારણ ધર્મ આધારિત અલ્પસંખ્યક વર્ગોને માન્યતા આપે છે. આ બન્ને બાબતો પરસ્પર વિરોધી છે. વિશ્વમાં ક્યાંય ધર્મ આધારિત અનામત કે વિશેષાધિકારની વાત નથી. આ મુદ્દો ''સેક્યુલારિઝમ''ની વિરુદ્ધનો છે.

બંધારણ સમય સાથે તાલ મિલાવવામાં નિષ્ફળ રહ્યું છે. સર્વધર્મસમાનતા અને સમભાવનો વિનાશ જ આ બંધારણીય જોગવાઈથી થાય છે. ધાર્મિક અલ્પસંખ્યક કે અર્થઘટનથી બંધારણ જ સમાજમાં ભાગલાનાં બીજ રોપે છે. એક તો રાષ્ટ્રીય સમાનતાનું ધોરણ ઘણું નીચું છે, તેમાં આવી રીતે રાજ્ય પ્રજાને બહેકાવવાનું કાર્ય કરે તે માત્ર આપણે ત્યાં જ બને છે.

અલ્પસંખ્યક કોણ છે? આપણે ત્યાં વૈજ્ઞાનિકો, ટેક્નિશિયન અને ઉચ્ચ કક્ષાના ઇજનેરોની સંખ્યા ઓછી છે તેઓ અલ્પસંખ્યક છે. ગણિતશાસ્ત્રી અને અવકાશી વિજ્ઞાનના સંશોધકો ઓછા છે તે અલ્પસંખ્યક છે. આવો અભિપ્રાય રાષ્ટ્રીય વિચારધારા ધરાવનારા વયસ્ક રણજિતભાઈ ઉદ્દેશીનો છે. બુદ્ધિશાળી શિક્ષકો-તજજ્ઞો અને સંશોધકોને કોઈ અલ્પસંખ્યકના લાભ મળતા નથી. જુદા જુદા ક્ષેત્રના સંશોધકો જ સાચા અલ્પસંખ્યક છે.

કોઈ ધર્મના અનુયાયીને અલ્પસંખ્યક ગણવો ઉચિત નથી. ભારત જેવા દેશમાં સારી કક્ષાના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સ, કમ્પ્યુટર્સ ઇજનેરો અલ્પસંખ્યક છે તેનો ઇનકાર થઈ શકશે? ન્યાયતંત્ર પણ પ્રજાની ભાવનાને સમજી શકતું નથી તે દુઃખદ પરિસ્થિતિ છે. મંડલ પંચની જોગવાઈઓ સામે યુવાનો દ્વારા આત્મવિલોપનની સંખ્યાબંધ ઘટનાઓ બની હતી.

સુપ્રીમ કોર્ટ દ્વારા એક ચુકાદામાં ધાર્મિક અલ્પસંખ્યકને અનામતની ટકાવારી નકારી કાઢતો ચુકાદો આપવામાં આવ્યો હતો. તેના બીજે દિવસે વડા પ્રધાન મનમોહનસિંહે જણાવ્યું કે બંધારણ સુધારીને ટકાવારી જાળવી રાખવામાં આવશે!! આથી ગિન્નાયેલા સુપ્રીમ કોર્ટના તે વખતના ચીફ જસ્ટિસે તેમની કોર્ટમાં આવેલા એટર્ની જનરલને રોષભર્યા સ્વરે જણાવ્યું હતું કે ''તમારા વડા પ્રધાનને કહો કે કોર્ટને તાળાં મારે!'' આવું થવા છતાં હજુ ધાર્મિક અલ્પસંખ્યકની સંખ્યા એક પછી એક વધારવામાં આવી રહી છે અને તે પણ ચૂંટણી નજીક હોય તેવે વખતે જ! આ વાતને સમજદાર સમજી શકે છે!

- કિશોર પી. દવે

(સાભાર : મુંબઈ સમાચાર, તા.૨૬-૧-૨૦૧૪)

**તિખારો !!**

ભારતનું બંધારણ એટલે નિષ્ફળતાનો દસ્તાવેજ!! આ બંધારણમાં મગજ બ્રિટનનું છે - હાથપગ ફ્રાંસના - હૃદય અમેરિકાનું અને વિચારો રશિયાના છે!

- અજિત સરૈયા

## ન્યાયતંત્રની નિષ્ઠુર નિષ્ક્રિયતા

### ન્યાયમાં વિલંબ એ અન્યાય છે, પણ એ અન્યાય ક્યાં સુધી સહન કરવાનો?

જસ્ટિસ ડિલેઇડ ઇઝ જસ્ટિસ ડિનાઇડ. સુપ્રીમ કોર્ટને હવે આ વાત સમજાઈ. ફાંસીની સજા મેળવનાર ૧૫ આરોપીની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાખવાના ચુકાદામાં દેશની સર્વોચ્ચ અદાલતે ઉક્ત જ દલીલ માન્ય રાખી. આ ૧૫ આરોપીની ફાંસીની સજા સામેની જ દયાની અરજી વર્ષોથી અનિર્ણીત પડી છે. આ અંગે ઝડપથી નિર્ણય લેવા માટે અરજી કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન માનવ અધિકારના સિદ્ધાંતોને આગળ ધરીને એવી દલીલ કરવામાં આવી કે રાષ્ટ્રપતિ દ્વારા તેમની દયાની અરજીનો નિકાલ કરવામાં વિલંબ થવાને કારણે તેમની ફાંસીની સજાને જનમટીપમાં ફેરવી નાખવામાં આવે. ચીફ જસ્ટિસ પી. સતશિવમની આગેવાની હેઠળની બેન્ચને ગળે દલીલ ઊતરી ગઈ.

ફાંસીની રાહ જોઈ રહેલા ૧૫ આરોપીની દયાની અરજી પાંચથી ૧૨ વર્ષ પહેલાં કરાઈ હતી અને એનો નિકાલ નહોતો કરવામાં આવ્યો. ફાંસીની સજા પામેલા રીઢા ગુનેગારને પણ માનવ હક છે એવું સુપ્રીમ કોર્ટનું કહેવું છે. ચુકાદાની વ્યાપકતા સમજવા જેવી છે. સુપ્રીમ કોર્ટે કરેલી ટિપ્પણી બહુ જ મહત્ત્વની છે. ૧. ન્યાયમાં થયેલો વિલંબ ખરેખર તો અન્યાય જ છે. ૨. પીડિતના અધિકારોની જેમ જ આરોપીના અધિકારોનું રક્ષણ કરવાની પણ બંધારણીય ફરજ છે. ૩. રાષ્ટ્રપતિએ દયાની અરજી પર નિર્ણય લેવામાં વિલંબ ન કરવો જોઈએ, કારણકે આ તેમનો વિશેષાધિકાર નથી, પણ તેમની બંધારણીય ફરજ છે.

ચુકાદામાં કોર્ટે કરેલાં આ નિરીક્ષણો તેના વ્યાપને વિશાળ બનાવે છે. દેશમાં કયા કેસમાં કઈ કોર્ટ સમયસર ચુકાદો આપે છે? ફાસ્ટ ટ્રેકમાંના કેસના પણ શું હાલ છે એ આપણે જાણીએ છીએ. ઘણી વાર તો ઓપન ઍન્ડ શટ જેવા કેસ પણ વર્ષોનાં વર્ષ ચાલે છે. ફોજદારી કેસો તો હજી ચાલે પણ છે, પરંતુ દીવાની દાવાઓમાં તો દરેક સુનાવણી જાણે આગલી તારીખ લેવા માટે જ હાથ

# વિનિયોગ સમાચાર

ધરાતી હોય એવા હાલ છે. સવાલ એ છે કે શું સમયસર કે વિના વિલંબે ન્યાય કરવો એ અદાલતોની બંધારણીય ફરજ નથી?

કાનપુરના પોસ્ટમૅન ઉમાકાંત શર્માની જ વાત કરીએ તો ૫૭.૬૦ રૂપિયાની ગેરરીતિ બદલ તેને સસ્પેન્ડ કરાયો. ઉમાકાંત કોર્ટમાં ગયો. ૨૯ વર્ષ અને ૩૫૦ સુનાવણી પછી તેને ન્યાય મળ્યો. ૧૯૮૪માં કરેલા કેસનો નિકાલ આવ્યો ત્યાં સુધીમાં તો ઉમાકાંત રસ્તા પર આવી ગયો હતો. ૩૦ વર્ષ સુધી વિના વાંકે સસ્પેન્શન વેઠ્યું. ન્યાયતંત્રની નિષ્ક્રિયતા અને નિષ્ઠુરતાનું આ ઉદાહરણ છે.

અદાલતોની વિચિત્રતાનો હજી એક કિસ્સો છે મહારાષ્ટ્રના મહિપત બામગુડે અને ઘનશ્યામ ભોસલેનો. ૧૭મી માર્ચ, ૧૯૮૨માં બાવીસ વર્ષના આ બન્ને યુવાન એક લૉન્ચમાં કોઈ લગ્નમાં જઈ રહ્યા હતા ત્યારે શંકર નિવાગુણે નામના એક શખ્સને તેમનો પગ અડ્યો. આટલી નજીવી બાબતમાંથી મોટો ઝઘડો થયો અને નિવાગુણેએ બામગુડે અને ભોસલે સામે ફરિયાદ કરી. છેક ૨૦૧૦માં આ કેસ પહેલી વાર સુનાવણી માટે કોર્ટમાં આવ્યો. ૨૯ વર્ષ પહેલાંની ઘટના માટે બામગુડેને વૉરંટ મોકલાયું ત્યારે તેના કહેવા પ્રમાણે તો એ આખી ઘટના ભૂલી પણ ગયેલો. કેસની પહેલી સુનાવણી પહેલાં જ ફરિયાદી અને ૧૩માંના ૧૨ સાક્ષી મૃત્યુ પામેલા.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભારતના ન્યાયતંત્રની ધીમી ન્યાયપ્રક્રિયા બદનામ છે. ઑસ્ટ્રેલિયાની વાઇટ ઇન્ડસ્ટ્રીઝ અને ભારત સરકાર વચ્ચેના કેસની સુપ્રીમ કોર્ટમાં પાંચ વર્ષ સુધી સુનાવણી જ નહોતી થઈ. અંતે વાઇટ ઇન્ડસ્ટ્રીઝે આંતરરાષ્ટ્રીય આઇસીસી અદાલતમાં ધા નાખી. ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેના કરારના ન્યાયમાં વિલંબની જોગવાઈને આધારે અદાલતે ઑસ્ટ્રેલિયન કંપનીની તરફેણમાં ચુકાદો આપ્યો અને ભારત સરકારને દંડ કર્યો હતો.

આવા કેટલાય કિસ્સા છે. કોર્ટોમાં કેસોનો ભરાવો થયા જ કરે છે. દિલ્હીના એક ચીફ જસ્ટિસે તો ત્યાં સુધી કહેલું કે વર્તમાન કેસોનો નિકાલ કરતાં જ ૪૦૦ વર્ષ લાગશે અને એ પણ ત્યાં સુધી જો નવા કેસ ન નોંધાય તો.

દેશની વડી અદાલતોમાં અત્યારે ૪૪ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે, જ્યારે નીચલી અદાલતોમાં આ આંક ૨.૬૮ કરોડ જેટલો છે. આનું કારણ ન્યાયાધીશોના ખાલી પડેલા હોદ્દા અને ઓછી કોર્ટની રચના છે. દેશની વિવિધ હાઈ કોર્ટ્સમાં ૯૦૦ ન્યાયાધીશની જરૂર છે, પણ ૨૫૦ હોદ્દા ખાલી છે. ૧૮,૦૦૦ નીચલી કોર્ટની રચનાને મંજૂરી અપાઈ છે, પણ એની સામે ૧૫,૦૦૦ અદાલત જ છે. ખરેખર તો દેશમાં કેસોના ભરાવાનો નિકાલ કરવા ૫૦,૦૦૦ અદાલતની આવશ્યકતા છે. ૧૯૮૭માં દર દસ લાખે દેશમાં ૧૦.૫ જજ હતા અને હાલ ૧૫.૪ છે. આ પ્રમાણ ૩૦નું કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણયનો ક્યારે અમલ થશે એ તો પછીની વાત, પણ જો ૩૦નું પ્રમાણ હોય તોય એ અપૂરતું છે. ઑસ્ટ્રેલિયામાં દર દસ લાખે ૫૮, કૅનેડામાં ૭૫, યુકેમાં ૧૦૦ અને અમેરિકામાં ૧૩૦ જજ છે.

શાસકોએ હવે જાગવું જોઈએ અને આ દિશામાં કાર્યરત થવું જોઈએ. બીજી તરફ ન્યાયતંત્રે પણ કેસો લાંબો સમય ખેંચાયા ન કરે તેના માટેની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. અમેરિકી સુપ્રીમ કોર્ટ સામે દર વર્ષે ૭૦૦૦ જેટલા કેસ ફાઈલ થાય છે, પણ તેમાંથી માત્ર ૭૫-૮૦ કેસનો જ ખટલો ચાલે છે. અમેરિકી સુપ્રીમ કોર્ટમાં નવમાંથી ઓછામાં ઓછા ચાર જજને એવું લાગે કે કોઈ કેસમાં ખરેખર વજૂદ છે તો જ એ ખટલો ચાલે છે. બાકી એને દાખલ જ નથી કરાતા. દાખલ કરાયેલા કેસમાં પણ ચુસ્ત ટાઇમટેબલને વળગી રહેવાય છે. એક કેસને ૧૫ દિવસ જેટલો સમય ફાળવાય છે અને બન્ને બાજુના વકીલને રોજના ૩૦ મિનિટથી વધુ રજૂઆતનો સમય નથી મળતો. જર્મનીની સુપ્રીમ કોર્ટમાં ત્રણ જજની કમિટી દરેક કેસનું ચેમ્બર સ્ક્રીનિંગ કરે છે અને મોટા ભાગના કેસનો આ સ્ક્રીનિંગમાં જ નિકાલ થઈ જાય છે. આ બન્ને દેશમાં કેસોનો ભરાવો ઓછામાં ઓછો છે. ભારતે પણ તેમનું દૃષ્ટાંત આત્મસાત્ કરીને તેનું અનુકરણ કરવાની જરૂર છે, કારણકે દેશમાંની મોટા ભાગની બદીઓના મૂળમાં ન્યાયની ધીમી પ્રક્રિયા છે. આમાં જરાસરખી અતિશયોક્તિ નથી. ભ્રષ્ટાચારના મૂળમાં માણસનો સ્વભાવ તો ખરો જ, પરંતુ લાંચ ન આપીને ન્યાય માગવા જઈશું તો પગરખાં ઘસાઈ જશે, પણ ન્યાય નહીં મળે એવી લાંચ આપનારની લાચારી પણ ખરી. વિચાર કરો કે રુશવતખોરને ઝડપથી સજા કરતું ન્યાયતંત્ર હોય તો કયો આમઆદમી કટકી આપવાનું પસંદ કરે? જોકે, એ જાણે છે કે ન્યાય નહીં અન્યાય જ થવાનો છે અને લાંચ લેનારો પણ જાણે છે કે કાંઈ થવાનું નથી. પરિણામ સામે છે. ભ્રષ્ટાચારે માઝા મૂકી છે.

ન્યાયતંત્રની નિષ્ક્રિયતામાં સરકાર અને રાજકારણીઓની સક્રિયતા છુપાયેલી છે. વધુ કોર્ટની રચના કરવાને બદલે કેસોનો ભરાવો થવા દેવો જેથી રાજકારણીઓ સામેના સહિતના કેસોનો ઝડપભેર નિકાલ આવે જ નહીં એવી માનસિકતા શાસકોની છે. આમાં પોતાના માટે ન્યાય મેળવવા જતો આમઆદમી સાવ ભુલાઈ ગયો. હવે માત્ર સત્યમેવ જયતેથી કામ નહીં ચાલે, પણ વિનાવિલંબે ન્યાયનું સૂત્ર પણ ભારતના ન્યાયતંત્રે અપનાવવું પડશે.

– બાદલ પંડ્યા

(સાભાર : મુંબઈ સમાચાર, સાપ્તાહિક ઉત્સવ, તા.૨૬-૧-૨૦૧૪)

## આપણે કેવા હિંદુ છીએ ?

એક શબ્દ છે ડાયસિસ. ડાયસિસ એટલે રૉમન કેથલિક બિશપની દેખરેખ નીચેનો પ્રદેશ. એક ઉડિપી ડાયસિસમાં પાંસઠ હજાર લોકો એટલે કે દર પંદર હજાર પરિવાર, ૮૦ જેટલા નાનામોટા પાદરીઓ, અઢીસો નન, ૪૮ પરગણાં, ૫૦ ધાર્મિક બાંધકામ, ૬૦ પ્રાથમિક અને માધ્યમિક શાળા, ૧૦ કૉલેજો અને બે પોસ્ટગ્રેજ્યુએટ સેન્ટર છે. એક જ ઓર્ગેનાઇઝેશન દ્વારા આટલાં બધાં કામ! હિંદુ ધર્મસંકુલો આટલા સુઆયોજિત હોતાં નથી, પણ ત્યાં સમાજસેવાનાં અનેક કામ થતાં હોય છે. ઉડિપીમાં જ એક મંદિરસંકુલ રોજ હજારો માણસોને મફત જમાડે છે. તેઓ ઓછા ખર્ચે ભણાવતી શાળાઓ પણ ચલાવે છે. આનો વધારે પ્રચાર થવો જોઈએ. મંદિરો ઘણું વધારે કરી શકે, જો રાજ્ય હિંદુ રિલિજિયસ ઍન્ડ ચૅરિટેબલ એન્ડોમેન્ટ ઍક્ટ હેઠળ મંદિરોના નાણાકીય સ્રોતો પર તરાપ ન મારે.

રાજ્ય જે કરે છે તે એક પ્રકારની લૂંટ જેવું છે. મેં અમેરિકાના એક લેખક સ્ટિફન નેપના એક પુસ્તક અને અમેરિકાનો જ એક અહેવાલ જે ‘ફોરમ ફૉર રિલિજિયસ ફ્રીડમ’માં પ્રગટ થયો છે તેનો અભ્યાસ કર્યો છે અને આંકડાઓ મેળવ્યા છે. તેમાં જે હકીકતો આપી છે તેની એક ઝલક જોઈએ.

(૧) રાષ્ટ્રીય અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં બદરીનાથ-કેદારનાથ, જગન્નાથપુરી, કાશી વિશ્વનાથ, તિરુપતિ, વૈષ્ણોદેવી, શિરડી, ગુરુવાયુર જેવાં મોટાં અને મધ્યમ મંદિરો દાયકાઓથી સરકારના નિયંત્રણમાં છે.

(૨) ૨૦૦૨માં મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરનું રાષ્ટ્રીયકરણ થયું. સરકારે ૭૨ કરોડની વાર્ષિક ઊપજ ખિસ્સામાં મૂકી મંદિરની વ્યવસ્થા માટે દસ કરોડ આપ્યા અને બાકીનામાંથી પચાસ કરોડ મદરેસાઓમાં અને દસ કરોડ ચર્ચમાં વહેંચી આપ્યા.

(૩) એક અંદાજ મુજબ છેલ્લા નાણાકીય સ્રોતોના અભાવે પાંચ વર્ષમાં કર્ણાટકનાં ૫૦,૦૦૦થી વધુ મંદિરો બંધ થઈ ગયાં છે.

(૪) ૨૦૦૬ના મે મહિનામાં તિરુમલાઈનું હજારો સ્તંભ ધરાવતું સદીઓ પુરાણું મંદિર આંધ્ર સરકારે તોડી પાડ્યું.

(૫) દેશનું સૌથી વધુ સમૃદ્ધ ૩૧૦૦ કરોડ રૂપિયાથી વધુ વાર્ષિક આવક ધરાવતું તિરુપતિ મંદિર સરકારી તિજોરીમાં પરિવર્તિત થઈ ચૂક્યું છે. મંદિર પર નજર રાખવા સરકારે ખાસ સ્ટાફ રાખ્યો છે. મસ્જિદ અને ચર્ચના મંદિરના સમારકામ માટે સરકારે ૭૬ કરોડ રૂપિયા ફાળવ્યા. આ છે દેશનું સેક્યુલારિઝમ.

(૬) આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ, કાકિનાડા, ગુંટુર, કુર્નુલ, વારાંગલ અને હૈદરાબાદનાં મંદિરોના ૪,૨૦,૦૨૮ એકર વિસ્તારમાંથી ૬૦,૮૪૩ એકર જમીન પર ગેરકાયદેસર બાંધકામ થયું છે. તેને રોકવાની સરકારે કોઈ હિલચાલ કરી નથી. કોને ફરિયાદ કરવાની? સરકારના તમામ પ્રધાનોના હાથ ખરડાયેલા છે.

(૭) કેરળના અયપ્પા મંદિરની સબરીમાલા હિલની ૨૫૦૦ એકર જમીન સમાજવાદી સરકાર નિયંત્રિત ત્રાવણકોર દેવાસ્વમ બોર્ડે બિનહિંદુઓને વેચી નાખી. કહેવાય છે કે બોર્ડ દેવાળિયાંની હાલતમાં હતું ને આજે ૨૫૦ કરોડની આવક મેળવે છે.

(૮) બિહારમાં સરકારે મંદિરોની ૨૦૦૦ એકર જમીન ઉચાપત કરી છે.

‘ફોરમ ફોર રિલિજિયસ ફ્રીડમ’ મુજબ સેક્યુલરિઝમને નામે સરકાર હિંદુ મંદિરો સાથે જે અન્યાય કરી રહી છે તે ચલાવી શકાય તેવો નથી. કેમ કોઈ ચર્ચ કે મસ્જિદનો નાણાકીય વ્યવહાર સરકાર કદી હાથમાં નથી લેતી? શું તેમનાં ટ્રસ્ટોમાં કોઈ ગેરવહીવટ નથી થતો?

સ્ટિફન નેપના જે પુસ્તકની હું વાત કરતો હતો તેનું નામ છે ‘ક્રાઇમ અગેન્સ્ટ ઇન્ડિયા ઍન્ડ ધ નીડ ટુ પ્રોટેક્ટ એન્શિયન્ટ વેદિક ટ્રેડિશન’. તેમાં લખ્યું છે કે ટેમ્પલ એમ્પાવર ઍક્ટ અંતર્ગત એકલા આંધ્ર પ્રદેશનાં ૪૩,૦૦૦ મંદિરો સરકારના નિયંત્રણમાં ચાલ્યાં ગયાં છે. તેમની બધી આવક સરકાર લઈ લે છે અને ૧૮ ટકા જેટલી રકમ વહીવટ માટે પાછી આપે છે. બાકીના ૮૨ ટકાનું શું થાય છે તેનો કોઈ હિસાબ નથી. કોઈ સ્વતંત્ર લોકશાહી રાષ્ટ્રમાં આ રીતે એક મોટા જૂથની ધાર્મિક સ્વતંત્રતા ઝૂંટવવામાં આવતી નહીં હોય, પણ ભારતમાં આ બને છે. સરકારને મંદિરોમાંથી પૈસાની ગંધ આવે છે. સરકાર હિંદુઓની ઉદાસીનતા, સહિષ્ણુતા અને ધૈર્ય વિશે જાણે છે. તેને ખબર છે કે તોડફોડ, લૂંટફાટ, મારપીટ કે તમાશા હિંદુઓના લોહીમાં નથી. મોટા ભાગના હિંદુઓ દૂર બેઠા પોતાની સંસ્કૃતિનો ધ્વંસ થતો જોયા કરવાના છે.

– એમ. વી. કામથ

(સાભાર : જન્મભૂમિ પ્રવાસી, તા.૧૦-૧૧-૨૦૧૩)

### વિચારબીજ

**વાણી સ્વાતંત્ર્યનો અમારો આદર્શ**

પોતાના અને બીજાના હિત માટેની, માપસર, સમજી શકાય અને અમલમાં મૂકી શકાય તેવી સત્ય, અને જ્યાં જે પ્રમાણે ઘટે તેવી સભ્યતા સહિત, તથા પોતાના, પોતાની ઉપરની બીજી જવાબદારીઓના, ધર્મના અને સંસ્કૃતિના રક્ષણ માટે જરૂરી વાણીનો ઉચ્ચાર કરવાની, અને તે અનુસાર જરૂરી લખાણ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવવાનો દરેક માનવનો જન્મસિદ્ધ હક્ક છે, તે અમે સદા ભોગવતા રહીશું. તે ભોગવટામાં દખલગીરી કરવાનો કોઈનોય અધિકાર સ્વીકારવા અમે તૈયાર નથી.

(‘દિવ્ય પ્રકાશ’ વર્ષ ૧લું અંક ૯, તા.૨૦-૮-૫૧)

# વિનિયોગ સમાચાર

## જૂના વર્તમાન પત્રના સંગ્રહમાંથી

## અમોને કોઈ પૂછશો નહિ

હિંદના બંધારણમાંથી અધ્યાત્મિકવાદને અમે શા માટે રૂખસદ આપી તે અમોને કોઈ પૂછશો નહિ.

હિંદના સાંસારિક પ્રશ્નોમાં રાજ્ય સત્તા તરીકે અમારે કાયદા કરી કેમ દખલગીરી કરવી પડે છે તેના આંતરિક કારણો અમોને કોઈ પૂછશો નહિ.

ધર્મની બાબતમાં અમો શા માટે દખલગીરી કરી રહ્યા છીએ અને આ પાછળ અમારો અંદરનો આશય શું છે તે અમોને કોઈ પૂછશો નહીં.

હિંદના બંધારણમાં આવા ટૂંક સમયમાં મારે ફેરફાર કરવા પડ્યા અને પ્રજાને આપેલ બાંયધરીમાંથી પાછા હઠી જવું પડ્યું એ બાબત કોઈ પૂછશો નહીં.

અનાજના પ્રશ્નને હલ કરવામાં પરદેશી સરકારોને ત્યાં આપણે ગીરવી મુકાતા જઈએ છીએ કે નહીં તે બાબત અમોને કોઈ પૂછશો નહીં.

સરકારી કારભાર ચલાવવા અમારે લખલૂટ પૈસા ખર્ચી શા માટે સિવિલ લિસ્ટ મોટું અતિમોટું નભાવવું પડે છે એ બાબત કોઈ પૂછશો નહીં.

લંડન મધ્યે આવેલ હિંદી એલચી ખાતાની કચેરીમાં કેટલા માણસો શું શું કામગીરી કરે છે અને તે ઑફિસે આજ સુધી કયા કયા ફાયદા કરી આપ્યા છે તે બાબત અમોને કોઈ પૂછશો નહીં.

એ ઑફિસ મારફત મુકાયેલા ઑર્ડરોમાં થયેલી નાની શી ભૂલોને પરિણામે હિંદને કેટલા લાખ રૂપિયાનું નુકસાન થયું છે તે અમોને કોઈ પૂછસો નહીં.

અને તેને માટે અમે શું પગલાં લીધાં ? માત્ર ફરીથી કાળજી રાખવા સૂચવેલ છે. તેથી સંતોષ પકડી તેની અંદરના ભેદો બહાર લાવવા અમોને કોઈ પૂછશો નહીં.

મુંબઈ પ્રાંતે કરેલી દારૂબંધી સફળ થઈ છે કે નહિ તે બાબત નિમાયેલ સમિતિના અભિપ્રાય સાથે શ્રી મોરારજી દેસાઈ સંમત ન થાય તો તેનાં કારણો બાબત અમોને કોઈ પૂછશો નહીં. ચાર વર્ષના સ્વરાજ્ય ભોગવ્યા પછી પ્રજાને શું મળ્યું છે તેવો પ્રશ્ન અમોને કોઈ પૂછશો નહીં.

કૉંગ્રેસ છેલ્લાં વર્ષમાં શી શી કામગીરી કરી છે તે કૃપા કરી અમોને કોઈ પૂછશો નહીં. આવું આવું પૂછવાની તમારી વૃત્તિને દાબી દઈ દેશને સમૃદ્ધ બનાવવાના અમારા પ્રયાસોમાં તમારો સહકાર આપશો. ધન્ય સરકાર– ધન્ય સરકારી તંત્ર!! ધન્ય તંત્રવાહકો!!!

('દિવ્ય પ્રકાશ' વર્ષ ૧લું અંક ૯, તા.૨૦–૮–૫૧)